ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા.૧૯/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી ......................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૨ ઓગસ્ટને શનિવારના રોજ જિલ્લા કક્ષા સાયન્સ ડ્રામા–૨૦૧૫ યોજાશે.

નેશનલ સાયન્સ ડ્રામા રાષ્ટ્રીય કક્ષાની શ્રેષ્ઠ સ્પર્ધાઓમાંની એક છે. નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ પ્રેરીત નેશનલ સાયન્ય ડ્રામા–૨૦૧૫ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાતમાં ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે દરેક જિલ્લા તેમજ રાજય કક્ષાએ સાયન્સ ડ્રામાનું આયોજન થનાર છે.

તેના અનુંસંધાને ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા **૨૨ ઓગસ્ટ,૨૦૧૫ને શનિવાર ના રોજ શ્રી નટરાજ કોલેજ, સરદાર પટેલ સ્કુલની બાજુમાં, કાળીયાબીડ, ભાવનગર** ખાતે સવારે ૯:૦૦ કલાકે યોજાનાર છે. જેની થીમ સમાજ માટે વિજ્ઞાન (science for society) રહેશે.

આ જિલ્લા કક્ષા સાયન્સ ડ્રામાના કાર્યક્રમમાં ભાગ લેનાર શાળાઓના માર્ગદર્શક શિક્ષકશ્રીએ ભાગ લેનાર વિદ્યાર્થીઓ સાથે ઉપરોકત સ્થળ અને તારીખે સમયસર પહોંચી, પોતાનું રજિસ્ટ્રેશન અચૂક કરાવી લેવું. અને રજૂઆતની વ્યવસ્થાની જાણકારી મેળવી લેવી.

કાર્યક્રમની વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,'વિજ્ઞાન ભવન',પ્લોટ નં.૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૨૫૭૦૧૧૦/૧૧૧ સવારનાં ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરવો.

પ્રી.પ્ર. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.